# શહેરમાં મહિલા પોલીસ હોવા છતાં મહિલાઓ સુરક્ષિત નથી

**સે. ૨૪ના શાક માર્કેટમાં મહિલાઓની જાહેરમાં છેડતીના બનાવ વધ્યા : છાશવારે અસામાજિક તત્વોનો આતંક**

ગાંધીનગર, તા. ૨૦

સેક્ટર-૨૪ શાકમાર્કેટમાં અસામાજિક તત્વોનો ત્રાસ હોવાની ફરિયાદ ઉઠી છે. માર્કેટમાં ખરીદી માટે આવતી મહિલાઓની છેડતી કરવામાં આવી રહી છે. આવી ફરિયાદો ઉઠી રહી છે ત્યારે શહેરની મહિલા પોલીસ સામે સવાલ ઉભા થાય છે કે શહેરમાં મહિલા પોલીસની સુવિધા હોવા છતાં જાહેરમાં લુખ્ખા તત્વોની દાદાગીરી કેમ થઈ રહી છે ? શહેરમાં મહિલા પોલીસ હોવા છતાં શહેરની મહિલાઓ સુરક્ષિત નથી.

ગાંધીનગરમાં જાહેર જગ્યાઓ પર મહિલાઓ કેટલી સલામત છે તેની તપાસ મહિલા પોલીસ દ્વારા અવશ્ય થવી જ જોઈએ. ભર બજારે અસામાજિક તત્વો મહિલાઓની અને દિકરીઓની છેડતી કરે છે આ અંગે તાત્કાલિક તપાસ હાથ ધરાવી જોઈએ. પાટનગરમાં જ્યારથી બહારના લોકોની વસ્તી વધી છે ત્યારથી મહિલાઓની છેડતીના બનાવો વધવા પામ્યા છે તેવુ સૂત્રોના જણાવ્યા મુજબ માહિતી મળેલ છે અને આ જ કારણોસર પાટનગરમાં she ટીમની રચના કરવામાં આવી છે.

આ she ટીમ મહિલાઓ અને દીકરીઓની સુરક્ષા માટે બનાવવામાં આવેલ છે ત્યારે પાટનગરમાં મહિલાઓની જાહેરમાં છેડતી થઈ રહી છે અને તંત્ર દ્વારા કોઈ કડકાઈ થઈ રહી નથી.

શહેરમાં દિન દહાડે માર્ગો પર, જાહેર સ્થળો પર મહિલાઓ સુરક્ષિત હોવાનો અનુભવ કરી રહી નથી. આ બાબતે જવાબદાર તંત્રએ યોગ્ય કામગીરી કરવી જોઈએ.

શહેરમાં રોડરોમિયો બેફામ બન્યા છે જેની સામે કોઈ પગલા લેવાઈ રહ્યા નથી. શહેરમાં કાળા કાચવાળી ગાડીઓ, નંબર પ્લેટ વગરની ગાડીઓ વધી છે તેની સામે પણ કોઈ કાર્યવાહી થઈ રહી નથી, શહેરમાં બુલેટ બાઈકવાળા માર્ગો પર મોટા મોટા અવાજવાળા સાયલેન્સરમાંથી અવાજ કાઢતા રખડે છે તેવા લુખ્ખા તત્વો સામે કોઈ કાર્યવાહી થઈ રહી નથી. આ તમામ બાબતે કોઈજ કાર્યવાહી ન થવાના કારણે શહેરમાં અસામાજિક તત્વોનો આતંક વધવા પામ્યો છે અને પોલીસનો કોઈને ડર ન હોય તેવુ માલુમ પડી રહ્યું છે.

શહેરમાં શાંતિમય વાતાવરણ રહે, શહેરીજનો ભય વગરના વાતાવરણમાં રહે તે માટે તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવા જોઈએ.

**સમર્પણ પબ્લિક સ્કૂલ ખાતે ૯૫૦ છોડનું**

## શંકરસિંહ વાઘેલા બાપુના જન્મ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૨૦

સમર્પણ પબ્લિક સ્કૂલ ખાતે ચેરમેન અને ટ્રસ્ટી આદરણીય શંકરસિંહ વાઘેલા બાપુના જન્મદિવસ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં શાળાના બાળકો દ્વારા આશરે ૯૫૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતા.આ પ્રસંગે શાળાના ડાયરેક્ટર શ્રીમતી ડોક્ટર રાજી ડેનિસ શાળાના સીબી એસઈ નાઆચાર્ય શ્રી સુનિલ કુમાર કેસરી તેમજ ગુજરાત બોર્ડ ગુજરાતી માધ્યમના ચીફ કોઓર્ડીનેટર અર્ચનાબેન મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન એડમિ નિસ્ટ્રેટર હેમા ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું. ગાંધીનગર ઈન્ફોસિટી ખાતે આવેલી જોબ પીડિયા ગ્લોબલ ના યુનાઈટેડ ફોરેસ્ટ પ્રોજેક્ટ હેઠળ શ્રીઅલ્તાફ ધંધુકિયા ની આગેવાની હેઠળ આઠ કેમ્પસની અંદર ૯૫૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ કરવામાંઆવ્યોહતો આ વૃક્ષોની અંદર બીલીપત્ર ખાખરો લીમડો કણજી અરીઠા બોરસલી આસોપાલવ અર્જુન જાંબુ ગુંદા સરગવો અરડુસી જેવા છોડ સમર્પણ સંસ્થાને અલ્તાફ ધંધુકિયા દ્વારા ભેટ આપવામાં આવ્યા હતા હતાં.

## ગાંધીનગર જિલ્લામાં માતા મરણ અટકાવવા જોખમી સગર્ભા સાથે એસ.બી.સી.સી ટીમ દ્વારા ૧૬મી બેઠક

ગાંધીનગર, તા. ૨૦

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ એ. જે. વૈષ્ણવ ના માર્ગદર્શન હેઠળ કલોલ તાલુકાના પ્રા.આ.કે. રાંચરડા ખાતે જોખમી સગર્ભા સાથે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મિટિંગમાં જીલ્લા કક્ષાએથી એસ.બી.સી.સી ટીમ ડૉ.નેહલ ગજેરા,કેયુર જયસ્વાલ, રીચા પટેલ અને મેડિકલ ઓફિસરશ્રી ડૉ.દીપક ગુપ્તાએ હાજરી આપી હતી.

ઉકત મિટિંગમાં પ્રા આ કેન્દ્રની તમામ જોખમી સગર્ભા, ઓછું વજન, હાઈપર ટેન્શન, વ્યસન કરતી મહિલા, મલ્ટીપારા તેમજ રેજીટન્સ સગર્ભા ને બોલાવી ને એમની સાથે પોષણ યુક્ત આહાર સગર્ભા અવસ્થા દરમ્યાન રાખવાની થતી સાવચેતી અને યોગ,પ્રાણાયામ માહિતગાર કરવામાં આવેલ.

એ દિવસે પ્રા.આ.કે. પર આર્યન સુક્રોઝ ,

એફ.સી.એમ.ઈન્જેક્શન ની વ્યવસ્થા હતી. આ મિટિંગમાં આવેલ સગર્ભાને નાસ્તો આપવાની વ્યવસ્થા મેડિકલ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હતું.

## પરિણિતાને શારીરીક માનસિક ત્રાસ આપતા પતિ સહિત ચાર સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના ટીંટોડાની યુવતિના લગ્ન નારદીપુર ખાતે થયા હતા. પરંતુ સાસરીપક્ષના સભ્યો નાની વાતમાં હેરાન-પરેશાન કરી મારઝુડ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પરિણિતાએ મહિલા પોલીસ મથકે માનસિક શારીરીક ત્રાસની ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરના ટીંટોડાની યુવતિના લગ્ન તા.૧૧.૧૧-૨૧ ના રોજ લગ્ન સમાજના રીત રીવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ પરિણિતા નારદીપુર રહેવા માટે ગઈ હતી. લગ્નના પ્રારંભિક અઠવાડીયા સુધી પતિ અને સાસુએ સારી રાખી હતી. જયારે તેણીના પતિ શું વેપાર ધંધો કરતા હતા તે ખુદ પરિણિતાને પણ ખબર ન હતી. ખર્ચ માટે પરિણિતા પિયરથી પૈસા લાવતી હતી.જયારે પતિને તેના વેપાર ધંધા અંગે પુછતા ઉસ્કેરાઈ જઈને ઉધ્ધત જવાબ આપ્યો હતો. ત્યારબાદ શારીરીક માનસિક ત્રાસ આપતા હતા. જયારે ઘરનો વહીવટ મહિલના નણંદ જ કરતા હતા. પરિણિતાને તેનો પતિ છુટાછેડા માટે દબાણ કરતો હતો. જયારે છુટા છેડા નહી આપે તો જાનથી મારી નાંખવાની ધમકી આપતો હતો. ત્યારબાદ પરિણિતા ચાર માસ સુધી પિયરમાં રહી હતી.ત્યારબાદ સમાજના અને સગાસંબંધીઓ તેડવા માટે આવતા પરિણિતા સાસરીમાં આવી હતી. તેમ છતા તેના પતિ મારઝુડ કરી શારીરીક માનસિક ત્રાસ આપત પરિણિતાએ તેના પતિ, સાસુ અને નણંદ-નણંદોઈ સામે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## સેક્ટર - ૨૨ સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિની મિટિંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ સેક્ટર ૨૨ દ્વારા સતત ૫૪ માં વર્ષમાં ઉજવવા માટે આયોજનની તાકીદ ની મીટીંગ બોલાવી હતી.પરંપરાગત ઉજવાતો ગાંધીનગરનો લોક ઉત્સવ ભવ્ય રીતે ઉજવાય તેના આયોજનની મિટિંગમાં સર્વાનુમતે નક્કી થયું હતું. ૧૯/૦૯/૨૦૨૩ ના રોજ આ લોક ઉત્સવનો શુભારંભ થશે. જેમાં ગાંધીનગરની શાળાના બાળકો દ્વારા એક દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે, મહિલાઓ દ્વારા સ્પર્ધાત્મક કાર્યક્રમતથા સંગીત સંધ્યા અને ગાંધીનગરની વિવિધ સંસ્થાઓ દ્વારા વૈવિધ્યપૂર્ણ રંગારંગ ભારતીય સંસ્કૃતિ તથા પરંપરા ને જાગૃત કરવા અનેક કાર્યક્રમોનું

આયોજન કરવાનું નક્કી કર્યું છે. આ મિટિંગમાં પ્રમુખ નિશિત વ્યાસ, વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, ગણેશ ઉત્સવ સમિતિના સર્વશ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, ચેતનાબેન બુચ, હિરેનભાઈ શાસ્ત્રી, સૂર્યસિંહ ડાભી, મનોજભાઈ શુક્લા, સંજય થોરાટ, અશ્વિન સિંહ તાપરીયા, યુવરાજસિંહ રાણા, મિતુલ જોશી, વૈભવ જાની, રાકેશ જાની, પ્રદિપસિંહ બિહોલા, કરણસિંહ પરમાર, મુકેશ મારુ અને અન્ય સંસ્થાઓના સાથીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ટી.બી.ની નાબૂદી માટે જનઆંદોલનની જેમ કામ કરવા રાજ્યપાલનો અનુરોધ

ગાંધીનગર,તા.૨૦

ગુજરાતમાં એક લાખ વ્યક્તિએ પ્રતિવર્ષ ટી.બી.ના હવે માત્ર ૧૮૯ દર્દીઓ મળી રહ્યા છે. ટી.બી.ના દર્દીઓની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થઈ રહ્યો છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે રાજભવનમાં રાષ્ટ્રીય ટી.બી. ઉન્મૂલન કાર્યક્રમ અંતર્ગત ગુજરાતમાં થઈ રહેલા કાર્યની સમીક્ષા કરી હતી. સમગ્ર દેશમાં ગુજરાત શ્રેષ્ઠ કામગીરીમાં બીજા ક્રમે છે, તે માટે આરોગ્યતંત્રને બિરદાવતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતમાંથી ટી.બી.ની સંપૂર્ણ નાબૂદી માટે જનઆંદોલનની જેમ કામ કરવા અનુરોધ કર્યો હતો.

વિશ્વમાંથી વર્ષ-૨૦૩૦ સુધીમાં ટી.બી. નાબૂદીનો લક્ષ્યાંક છે. પરંતુ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વર્ષ-૨૦૨૫ સુધીમાં સંપૂર્ણ ટી.બી. મુક્ત કરવાનો સંકલ્પ લીધો છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ટી.બી. ઉન્મૂલન માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત નેતૃત્વ કરશે.

ગુજરાતમાં ક્ષયના ૭૨% દર્દીઓ ગ્રામીણ વિસ્તારમાં છે જ્યારે ૨૮% દર્દીઓ શહેરી વિસ્તારોમાં છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વર્ષ-૨૦૨૫ સુધીમાં ટી.બી.ની સંપૂર્ણ નાબૂદી માટે ટી.બી.ના દર્દીઓને શોધી કાઢવાનું કામ વધુ પ્રભાવક બનાવવાની હિમાયત કરી હતી. આ માટે આરોગ્ય તંત્રના ફિલ્ડ સ્ટાફને પ્રોત્સાહન સાથે જવાબદારી સોંપવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સૂચન કર્યું હતું. સખી મંડળોની બહેનોની મદદ લેવા પણ તેમણે અનુરોધ કર્યો હતો. નિ-ક્ષય મિત્ર તરફથી અપાતી કીટ વધુ પોષક તત્વોવાળી બને એ હેતુથી તેમાં શ્રી અન્ન-મીલેટ્સ ઉમેરવાનું પણ તેમણે સૂચન કર્યું હતું.

## ત્રિદલ દ્વારા ૨૩ જુલાઈએ વાર્તાલાપ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી સંસ્થા 'ત્રિદલ'ના ઉપક્રમે તા. ૨૩-૭-૨૦૨૩ને ચોથા રવિવારે સાંજના ૪.૩૦ કલાકે ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે જાણીતા સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણી 'કવિ ઉમાશંકર જોશીની સામાજિક નિસબત' વિષયે વાર્તાલાપ આપશે.

રાજ્યના અન્ય વિસ્તારોની સરખામણીમાં ગાંધીનગર શહેરમાં ખુબ ઓછો વરસાદ થયો છે. જો કે આટલા વરસાદમાં પણ શહેરના ઘણા માર્ગો તુટી ગયા છે અને રોડ પર ખાડાઓ પડી ગયા છે. સેક્ટરોના આંતરિક રસ્તાઓ પર તો ખાડા જ ખાડા જોવા મળે છે. અહી ક્યારેક રસ્તો હતો તે જોવા મળે નહી તેટલા ખાડા અહી પડ્યા છે.

## સાંસદ કીરીટભાઈ સોલંકીની રજતતુલા

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્ય માર્ગ વાહન-વ્યવહાર નિગમ એસ.સી. એસ.ટી. કર્મચારી યુનિયનની સાધારણ સભા આગામી તા. ૨૨મી જુલાઈના રોજ સવારે ૯ વાગે સંતશ્રી રોહીદાસ સેવા સમાજ, સેક્ટર-૬ ખાતે યોજવામાં આવશે. આ સાધારણ સભામાં સાંસદ કીરીટભાઈ સોલંકીની રજતતુલા કરવામાં આવશે. આ સાથે જ બ્લડ ડોનેશન કેમ્પ તથા નેત્ર નિદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.

## ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા. ૨૦

સોમવતિ અમાસના દિવસે શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા છાત્રેશ્વરી તથા વાંટડા તા. મોડાસામાં ૬૪ લાભાર્થીને ૬ વસ્તુ આપવામાં આવી હતી. વૃદ્ધ નિરાધાર તથા વિધવા બહેનોને ૨ કી.ગ્રા. ચોખા, ૫૦૦ ગ્રામ મગ, ૫૦૦ કપાસીયા તેલની બોટલ, શાંતી આમલા તેલ, અગરબત્તી, ચા વિગેરે આપવામાં આવ્યા હતા. સાથે દુઃખાવો, તાવ દૂર થાય તેની દવા, પગ, કમરના દુખાવા માટે ૨ ૨ ટ્યુબ, ચપ્પલ, ચશ્મા આપ્યા હતા. ૮ વૃદ્ધોને પેન્ટ, શર્ટ પણ આપ્યા છે. આ સેવાકાર્યમાં શ્રૃતિ ગુપ્તે, હેમુભાઈ તથા મિલિન્દભાઈ સાથે રહી સેવાકાર્ય કર્યુ હતુ.

## સનાતન ધર્મ સંસ્કૃતિના શિક્ષણ કેન્દ્રોનો લાભ લેવા અનુરોધ

ગાંધીનગર, તા. ૨૦

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના સંસ્થાપક પૂ.પા.ગો. ૧૦૮ વ્રજરાજકુમાર મહોદયની પ્રેરણાથી ગાંધીનગરમાં ઈન્ફોસીટી જુનીયર કોલેજ અને હવેલી મંદિર સે. ૨૧ ખાતે દર રવિવારે સવારે સનાતન ધર્મ અને પુષ્ટિ સંપ્રદાયનું ૬ થી ૧૬ વર્ષના બાળકોને વિનામૂલ્યે શિક્ષણ આપવાના બે કેન્દ્રોનું તા. ૧૬-૭-૨૩, રવિવારના રોજ સંસ્થાના પ્રભારી જશવંત ગાંધીએ ઉદ્ઘાટન કર્યુ હતુ. સંસ્થાના પ્રમુખ ડૉ. પ્રદિપ ગગલાણીએ શુભેચ્છાઓ પાઠવી હતી. સંસ્થાના એજ્યુકેશન હેડ દિપેશભાઈ પરીખે મોર્ડન ટેકનીક

અને વૈજ્ઞાનિક અભિગમથી તૈયાર કરવામાં આવેલા અભ્યાસક્રમની માહિતી આપી હતી અને આ કેન્દ્રોના લાભ લેવા તેમના મો. નં. ૯૪૨૬૬૩૦૧૦૦નો સંપર્ક કરવા જણાવ્યું હતું. આ કેન્દ્રોમાં અનુભવી શિક્ષકો સર્વ શ્રીમતી અલ્પાબેન જાની, તૃપ્તિબેન પરીખ, રેખાબેન કડિયા, નિરાલીબેન શાહ, સ્મિતાબેન તલાટી, શીતલબેન દલાલ અને સુકેશીબેન શાહ સેવાઓ આપનાર છે તેમ અખબારી યાદીમાં જણાવ્યુ હતુ.

## રાજ્યના યુવક-યુવતીઓ માટે નિઃશુલ્ક હિમાલય ભ્રમણ કાર્યક્રમનું આયોજન

**૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓ અરજી કરી શકશે ઇચ્છુક ઉમેદવારે તા. ૧૪ ઓગષ્ટ, ૨૦૨૩ સુધીમાં અરજી કરવાની રહેશે**

ગાંધીનગર,તા.૨૦

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની માઉન્ટ આબુ ખાતે કાર્યરત સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા દ્વારા આગામી સપ્ટેમ્બર ૨૦૨૩માં નિઃશુલ્ક હિમાલય ભ્રમણનું આયોજન કરાશે. જેમાં ભાગ લેવા ઇચ્છુક ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓએ તા. ૧૪ ઓગષ્ટ, ૨૦૨૩ સુધીમાં અરજી કરવાની રહેશે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના કમિશનરશ્રીની યાદીમાં જણાવ્યા અનુસાર હિમાલય ભ્રમણ ટુકડીમાં જોડાવા ઇચ્છતા યુવક-યુવતીઓએ નિયત અરજીપત્રકમાં અરજી કરવાની રહેશે જે સંસ્થાના ફેસબુક પેજઃ- **svim administration** પરથી મેળવી શકાશે. અરજીમાં ઉમેદવાર પોતાનું પુરું નામ, સરનામું, ટેલિફોન નંબર, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત (ધોરણ-૧૨ પાસનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઇએ) વગેરે દર્શાવવાનું રહેશે. તદ્ઉપરાંત અરજીની સાથે શારીરિક તંદુરસ્તી અંગેનું તબીબી પ્રમાણપત્ર, ગુજરાતના વતની હોવાનો દાખલો, વાલીની સંમતિ, ખડક ચઢાણનો કોચિંગ કોર્ષ પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર સામેલ હોવું જરૂરી છે. માઉન્ટ આબુ/ જુનાગઢ ખાતે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં માનદ્ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવાઓ આપી હોય તો તેના પ્રમાણપત્રોની નકલ જોડવાની રહેશે. સંપૂર્ણ વિગતો સાથેની અરજી તા.૧૪/૦૮/૨૦૨૩ સુધીમાં આચાર્યશ્રી, સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, સાધના ભવન, ગૌમુખ રોડ, માઉન્ટ આબુ–૩૦૭૫૦૧ને મોકલી આપવાની રહેશે. જ્યારે ઉમેદવારને શારીરીક કસોટી માટે બોલાવવામાં આવે ત્યારે સ્વ-ખર્ચે હાજર થવાનું રહેશે.

## ૯ થી ૧૨ની શિષ્યવૃત્તિ પરિક્ષા તા. ૨૯મી સપ્ટેમ્બરે યોજાશે

ગાંધીનગર,તા.૨૦

કેન્દ્રના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા અન્ય પછાત વર્ગ (ઓ.બી.સી) આર્થિક રીતે પછાત વર્ગ (ઈ.બી.સી) અને વિચરતી વિમુક્ત જાતિ (ડી.એન.ટી)ના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એન.ટી.એ) દ્વારા ૨૯ સપ્ટેમ્બર ના રોજ પેન અને પેપર મોડ પરીક્ષા એન્ટ્રન્સ ટેસ્ટ યોજાશે. આ પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી અને હિન્દી રહેશે. આ માટે પસંદગી કરાયેલ શાળા/ સંસ્થામાં અભ્યાસ કરતા ફક્ત ધો.૯ અને ધોરણ ૧૧ ના અન્ય ઓબીસી, ઈબીસી અને ડીએનટી જાતિના વિદ્યાર્થીઓએ ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ માટે ઉમેદવારોએ કોઈ પરીક્ષા ફી ચૂકવવાની નથી. આ યોજના અને પરીક્ષા સંબંધિત માહિતી ઑ.ઈ.ટ્રૈજ્ઈ.હ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. વિદ્યાર્થીના માતા-પિતાની વાર્ષિક આવક રૂ.૨.૫૦ લાખથી વધુ ન હોય તેવા ધો. ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓની શાળા ટ્યુશન ફી અને હોસ્ટેલ ફી એમ મળીને વધુમાં વધુ વાર્ષિક રૂપિયા ૭૫ હજાર સુધી અને ધો.૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓને શાળા ટ્યુશન ફી અને હોસ્ટેલ ફી એમ મળીને વધુમાં વધુ વાર્ષિક રૂ.૧.૨૫ લાખ સુધીની શિષ્યવૃત્તિ મળવા પાત્ર છે. વિદ્યાર્થીઓએ ૧૦ ઓગસ્ટ સુધીમાં આ અંગે અરજી કરવાની રહેશે. તેમ જિલ્લા નાયબ નિયામક વિકસતી જાતિ ગાંધીનગર દ્વારા જણાવવામાં આવેલ છે.

## વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ (OPOP) અને સરકાર દ્વારા સ્વદેશી ઉત્કૃષ્ટતાનું પ્રદર્શન

**વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ (ODOP) પ્રોગ્રામ ગુજરાતની અનન્ય હસ્તકલાને પ્રોત્સાહન આપશે**

ગાંધીનગર,તા.૨૦

વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ (ODOP) પ્રોગ્રામ એ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT - ઉદ્યોગ અને આંતરિક વેપારના પ્રોત્સાહન માટેનો વિભાગ) હેઠળની એક પહેલ છે. આ પ્રોગ્રામે ગુજરાતની સ્વદેશી હસ્તકલા અને તેના કારીગરોને પ્રોત્સાહન આપવા માટે નવી દિલ્હીમાં ગુજરાત સરકાર સાથે તેનો પ્રથમ સહયોગ જાહેર કર્યો છે. DPIITના સંયુક્ત સચિવ શ્રીમતી મનમીત નંદા તેમજ રેસિડેન્ટ કમિશનર અને ગુજરાત સરકારના નાણા વિભાગના સચિવ (આર્થિક

બાબતો) શ્રીમતી આરતી કંવરે આજે સંયુક્ત રીતે ગરવી ગુજરાત ભવન ખાતે ODOP વૉલનું ઉદ્ઘાટન કર્યું. ODOP પહેલનો ઉદ્દેશ્ય દેશના તમામ જિલ્લાઓમાં સંતુલિત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપીને દેશ અને તેના લોકોને આત્મનિર્ભર બનાવવા માટેના ભારતના માનનીય વડાપ્રધાનના વિઝનને સાકાર કરવાનો છે. આ કાર્યક્રમ દરેક જિલ્લામાંથી એક અનન્ય ઉત્પાદન પસંદ કરે છે, તેને બ્રાન્ડ બનાવે છે અને તેનો પ્રચાર કરે છે, અને આ રીતે સમગ્ર દેશમાં વિવિધ શ્રેણીની પ્રોડક્ટ્સનું પ્રદર્શન કરે છે, જેમાં હેન્ડલૂમ્સ અને હેન્ડીક્રાફ્ટ સહિત વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે.